Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :16• Date : 08-08-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### જંગમ મિલ્કતમાં તો દેશભરમાં બીજા નંબરે

## ગુજરાતમાં વક્ફ બોર્ડ પાસે છે અધધધ...સંપત્તિ




અમદાવાદ

કેન્દ્ર સરકાર હવે વક્ફના કાયદામાં ફેરફાર કરવાની તૈયારીઓ કરી રહી છે. વક્ફ બોર્ડની શક્તિઓ પર લગામ કસવા માટે સંસદમાં સંશોધન બિલ પસાર કરી શકે છે. પ્રસ્તાવિત સંશોધનો હેઠળ વક્ફ બોર્ડના દાવાઓનું ફરજિયાત પણે વેરિફિકેશન કરાવવામાં આવશે. આ સાથે જ વક્ફની વિવાદિત સંપત્તિઓની પણ ખરાઈ કરાવવાની જરૂરી રહેશે. સંશોધન દ્વારા કેન્દ્ર સરકાર વક્ફ બોર્ડની અમાપ તાકાતને ખતમ કરવા માંગે છે. કોઈ પણ સંપત્તિને પોતાની સંપત્તિ કહેવાના તેના 'અનિયંત્રિત' અધિકારમાં કાતર ફરી શકે છે. હાલના અધિનિયમમાં ૪૦ સંશોધનનો પ્રસ્તાવ છે. પરંતુ શું તમને ખબર છે કે આખરે આ વક્ફ બોર્ડ શું છે અને તે કેવી રીતે કામ કરે છે અને આ સાથે જ ગુજરાત સહિત દેશમાં તેની કેટલી સંપત્તિ છે?

જમીન મામલે વક્ફ બોર્ડ સેના અને રેલવે બાદ ત્રીજી સૌથી મોટી સંસ્થા છે. શરૂઆતમાં મૂળ રીતે સમગ્ર ભારતમાં વક્ફ બોર્ડ પાસે લગભગ ૫૨ હજાર સંપત્તિઓ હતી. ગત વર્ષ ફેબ્રુઆરીમાં અલ્પસંખ્યક મંત્રાલયે લોકસભામાં વક્ફ બોર્ડની સંપત્તિઓની જાણકારી આપી હતી અને જણાવ્યું હતું કે મુસ્લિમોની આ સંસ્થા પાસે ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં કુલ ૮,૬૫,૬૪૬ અચલ સંપત્તિ હતી. ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટ મુજબ ૧૩ વર્ષમાં જ વક્ફ બોર્ડની સંપત્તિ બમણી થઈ ગઈ. ભારતમાં વક્ફ બોર્ડ પાસે ૨૦૦૯ સુધીમાં ચાર લાખ એકર જમીન પર ૩ લાખ રજિસ્ટર્ડ સંપત્તિઓ હતી અને આજની તારીખમાં આઠ લાખ એકરથી વધુ જમીન પર ૮,૭૨,૨૯૨ સંપત્તિઓ છે. એક પ્રશ્ન એ પણ થાય કે આખરે ગુજરાતમાં વક્ફ બોર્ડની કેટલી સંપત્તિ છે? ત્યારે તમને જણાવી દઈએ કે જે માહિતી ઉપલબ્ધ છે તે મુજબ ગુજરાતમાં તેની સંપત્તિની સંખ્યા ૪૫ હજાર કરતા વધારે છે. જેમાં સ્થાવર સંપત્તિ જ ૩૯,૦૦૦ કરતા વધુ છે. જ્યારે બાકી જંગમ છે. આ મિલકતની જો કિંમત આંકીએ તો કરોડોમાં જાય. વક્ફ બોર્ડની આ સંપત્તિમાં માત્ર કબ્રસ્તાન, મદરેસા, મસ્જિદ જેવી સંપત્તિઓ જ નહીં પરંતુ રહેઠાણ, ખેતીની જમીનો, દુકાનો તળાવો, પ્લોટ વગેરે પણ સામેલ છે. ગુજરાતમાં વક્ફ બોર્ડની કુલ સંપત્તિ જોઈએ તો ૩૯,૯૪૦ છે જેમાંથી સૌથી વધુ અમદાવાદમાં ૧૫૪૨૫ સંપત્તિ, ત્યારબાદ સુરતમાં ૮૪૫૩, પછી ભરુચ ૪૧૬૩ મિલકત ધરાવે છે. જમીનની વાત કરીએ તો સૌથી વધુ ખેતી લાયક જમીન ૯૧૮ વક્ફ બોર્ડ ભરૂચ જિલ્લામાં ધરાવે છે.

ગુજરાતમાં વક્ફ બોર્ડ પાસે કુલ જે સંપત્તિ છે તેનું વર્ગીકરણ જોઈએ તો ૧૨,૩૯૫ ઘર, ખેતીલાયક જમીન ૩,૨૬૪, બિલ્ડિંગ ૬૫૩, દરગાહ કે મકબરા ૧,૭૩૪, ધાર્મિક શિક્ષણ પૂરું પાડતા દારૂલ ઉલુમ ૧૯, ઈદગાહ ૧૬૮, કબ્રસ્તાન, ૯૮૩, મદરેસા ૩૯૨, મસ્જિદ ૨,૯૯૯, પ્લોટ ૨,૨૩૫, શાળા ૨૨, દુકાન, ૬,૮૪૧ અને અન્ય મિલકતો જેમ કે તળાવ સહિત કુલ ૩૯,૯૪૦ સંપત્તિ ગુજરાત વક્ફ બોર્ડ પાસે છે. મળતી માહિતી મુજબ વક્ફ બોર્ડ હેઠળ ગુજરાતના ૫ તળાવ છે જેને તેના દ્વારા મેનેજ થાય છે. આ ૫માંથી ૩ તળાવ અમદાવાદમાં જ્યારે ૨ તળાવ સુરતમાં આવેલા છે. ગુજરાતભરમાં થઈને બોર્ડ પાસે ૧૨,૩૯૫ રહેઠાણો છે. જેમાં સૌથી વધુ અમદાવાદમાં છે અને ત્યારબાદ સુરત, ભરૂચ અને કચ્છમાં છે. જ્યાં ક્રમશઃ ૬૪૫૧, ૩૩૭૩, ૮૫૧, ૪૨૪ રહેઠાણ છે. પ્લોટની વાત કરીએ તો વક્ફ બોર્ડ અધિકૃત રીતે ગુજરાતમાં ૨,૨૩૫ પ્લોટ ધરાવે છે. જેમાં સૌથી વધુ સુરતમાં ૭૦૦ પ્લોટ છે. ત્યારબાદ ૬૯૪ ભરૂચમાં અને વડોદરામાં ૨૯૩ પ્લોટ છે.

અમદાવાદમાં વક્ફ બોર્ડ પાસે સૌથી વધુ ૧૫,૪૨૫ સંપત્તિ નોંધાયેલી છે જેમાં ૬,૪૫૧ ઘર, ખેતીલાયક જમીન ૧૨૫, બિલ્ડિંગ ૪૯૯, મકબરા કે દરગાહ ૪૬૪, ૪ દારૂલ ઉલુમ, ઈદગાહ ૫, ૪૯ મદરેસા, ૮૦૮ મસ્જિદ, ૧૪૩ પ્લોટ, ૭ શાળા, ૪,૪૫૦ દુકાનો અને અન્ય ૨,૩૦૧ થઈને કુલ ૧૫,૪૨૫ સંપત્તિ છે. જ્યારે સુરતમાં જે ૮૪૫૩ સંપત્તિ છે તેમાં ૩૩૭૩ ઘર, ૩૫૪ મસ્જિદ, ૭૦૦ પ્લોટ, ખેતીલાયક જમીન ૭૧૪, બિલ્ડિંગ ૬૫, દરગાહ અને મકબરા ૧૭૯, કબ્રસ્તાન ૧૬૫, ૭૦૦ શાળાઓ સામેલ છે.

## RTEની આવક મર્યાદામાં વધારો કરવા વાલી એકતા મંડળની રજૂઆત

ગાંધીનગર

ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ગરીબ મધ્યમવર્ગના બાળકોને ખાનગી સ્કૂલોમાં રિઝર્વ ક્વોટામાં પ્રવેશ આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૯માં આ પ્રકારે બાળકોને પ્રવેશ આપવાની શરૂઆત કરી હતી. જેમાં વાર્ષિક એક લાખ રૂપિયાની આવક ધરાવતા પરિવારના બાળકોને ખાનગી સ્કૂલોમાં પ્રવેશ આપવા માટેનો અમલ શરૂ કર્યો હતો. હવે વધી રહેલી અસહ્ય મોંઘવારીને કારણે RTEમાં આવક મર્યાદા વધારવા વાલી મંડળે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.દેશમાં સતત વધી રહેલી કમરતોડ મોંઘવારીને કારણે ગરીબ મધ્યમવર્ગના લોકો પિસાઈ રહ્યાં છે. ત્યારે વાલી એકતા મંડળ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે કે, હાલના સમયમાં કોઈપણ વાલી વર્ષે અઢી લાખ રૂપિયા કમાય ત્યારે તેનું ઘર ચાલે છે. હાલમાં પ્રવેશ માટે દોઢ લાખની આવક મર્યાદા છે જેથી કેટલાક બાળકો સ્કૂલમાં પ્રવેશ મેળવી શકતા નથી. વાલી એકતા મંડળનું કહેવું છે કે, ૧૫ વર્ષમાં વધેલી મોંઘવારી સામે ઈઈની આવક મર્યાદાનો સ્લેબ વધ્યો નથી. જેના કારણે બાળકો સ્કૂલમાં પ્રવેશ મેળવી શકતા નથી.વાલી એકતા મંડળે મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી કે, ૨૦૦૯માં જ્યારે ઈઈનો અમલ કરવામાં આવ્યો ત્યારે દોઢ લાખનો સ્લેબ રાખવામાં આવ્યો હતો. હવે ૨૦૨૪માં પણ આ સ્લેબ અમલમાં છે. ત્યારે વધી રહેલી મોંઘવારીને કારણે વાલીઓની કમાણી પર પણ અસર પડી છે. જેના કારણે કેટલાક બાળકોને આવકના દાખલા લેવામાં પણ તકલીફો પડે છે અને દાખલા પણ નહીં મળતાં પ્રવેશ લેવામાં તકલીફો થઈ રહી છે. જેથી આવકનો સ્લેબ વધારવામાં આવે અને બાળકોને ખાનગી સ્કૂલોમાં પ્રવેશ આપવામાં આવે.

## શિવ આશિષ સ્કૂલમાંથી મચ્છરોના બ્રીડિંગ મળ્યા

વડોદરા

આરોગ્ય વિભાગની તપાસમાં મચ્છરોના બ્રીડિંગ મળતા કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેના પગલે ઓફિસ સીલ કરવામાં આવી છે. સ્કૂલના ૩ વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ થતા જ તંત્રએ તપાસ કરી હતી.

અમદાવાદના શિવ આશિષ સ્કૂલની ઓફિસ સીલ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગની તપાસમાં મચ્છરોના બ્રીડિંગ મળતા કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેના પગલે ઓફિસ સીલ કરવામાં આવી છે. સ્કૂલના ૩ વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ થતા જ તંત્રએ તપાસ કરી હતી.

ઓફિસને સીલ કરાતા સ્કૂલના આચાર્યએ બચાવ કર્યો હતો. છોડના કુંડાની ટ્રેમાં પાણી ભરાવવાના કારણે મચ્છર થયા હોવાનું સામે આવ્યુ છે.

કેમ્પસમાં ગ્રીનરી હોવાના કારણે મચ્છર થયા હોવાનું સામે આવ્યુ છે. જો આ શાળાની માત્ર ઓફિસ સીલ કરવામાં આવી છે. આખે આખી શાળા સીલ કરવામાં નથી આવી.

વડોદરા શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વધ્યો છે. જેના પગલે આરોગ્ય વિભાગે ૧૬ હજાર ૮૮૮ મકાનોમાં ફોગિંગ કરવામાં આવ્યુ છે. કન્સ્ટ્રક્શન સાઈટ પર મચ્છરોના બ્રીડિંગ મળતા તંત્રએ નોટિસ ફટકારી છે.

## તંત્રી લેખ

# બાંગ્લાદેશમાં ચીન-આઈએસઆઈનું ષડયંત્ર સફળ

*બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારનો તખ્તાપલટ થઈ ગયો અને કેટલાય મામલે દોષી ઠેરવાયા બાદથી પોતાના ઘરમાં નજરકેદ ખાલિદા ઝિયાના છૂટકારાનો આદેશ પણ આવી ગયો. જો તમે બાંગ્લાદેશમાં બનેલી તમામ ઘટનાઓની કડીઓ જોડશો તો જોશો કે આ બધું જ કોઈ નક્કી પટકથાના હિસાબે થયું છે. એટલા માટે શેખ હસીના સરકારનું જવું અને ખાલિદા ઝિયાનું કેદમાંથી બહાર આવવું ભારત માટે ચિંતાજનક સમાચાર છે. પહેલાં જ ડુરાન્ડ લાઈનના નામે મશહૂર ભારત અને અફઘાનિસ્તાન સીમા તથા પાકિસ્તાન અને ચીન સાથે જોડાતી સરહદો પર હાલત તણાવપૂર્ણ બનેલા છે અને હવે બાંગ્લાદેશ સાથે જોડાતી સીમાઓ પર પણ સુરક્ષા હાલત પડકારજનક થઈ ગઈ છે. બાંગ્લાદેશમાં જે ઘટનાક્રમ બન્યો છે જો તેને તમે ભારતના પરિપ્રે-યમાં જોશો તો જોવા મળશે કે આપણને ઘેરવા માટે ચીન અને પાકિસ્તાન જે પ્રયાસ લાંબા અરસાથી કરી રહ્યું હતું તેમાં તે થોડી હદે સફળ થઈ ગયા છે.*

*અસલમાં વિકસિત ભારતના લ-યને હાંસલ કરવા માટે દિવસ-રાત આકરી મહેનત કરતું અને દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધતું ભારત આપણા દુશ્મનોને કઠી રહ્યું છે. તેથી ભારતમાં અશાંતિ ફેલાવા માટે કેટલાય પ્રયાસ કરવામાં આવે છે. દુશ્મનોને લાગે છે કે ભારતે આતંક અને ઉગ્રવાદ પર કાબૂ મેળવવામાં જે સફળતા મેળવી છે તેને કેવી રીતે નિષ્ફળકરવી. તેના માટે તે તમામ ગતકડાં અપનાવતું રહે છે અને સીધી લડાઈથી બચીને છૂપાહુમલા કરવા માગે છે.*

*દુશ્મનને જમ્મુ-કાશ્મીરની શાંતિ અને પૂર્વોત્તર ક્ષેત્રની પ્રગતિ ગળે નથી ઉતરતી. દુશ્મનોએ જમ્મુ-કાશ્મીર અને પૂર્વોત્તરમાં આતંક અને ઉગ્રવાદને હવા આપવા માટે તથા ભારતને એ દંશ સામ ઝઝૂમવા માટે જે આકરી મહેનત કરી હતી એના પર પાછલાં દસ વર્ષોમાં પાણી ફરી ગયું હતું. જમ્મુ-કાશ્મીરમાં આતંકી કમાન્ડરો અને અલગતાવાદીઓનો સફાયો થઈ ચૂક્યો છે. પૂર્વોત્તર ક્ષેત્ર પણ અપેક્ષાકૃત શાંત થઈ ગયું છે. ત્યાંના કેટલાય ઉગ્રવાદી સંગઠનો સરકાર સાથે સમજૂતી કરીને મુખ્યધારામાં જોડાઈ ગયા છે. ઉગ્રવાદી અને આતંકી સંગઠનોને મળનારા ટેરર ફંડિંગ પર પણ રોક લાગી ગઈ છે. દેખીતું છે કે આ બધું પાકિસ્તાન અને ચીનને કઠી રહ્યું હતું. ખાસ કરીને શેખ હસીનાના કાર્યકાળમાં જે રીતે બાંગ્લાદેશ સરકાર ભારતને પ્રાથમિકતા આપતી હતી તેનાથી પણ ચીન નાખુશ રહેતું હતું. એવામાં ચીન એ લાગમાં હતું કે કેવી રીતે આ સ્થિતિને બદલવામાં આવે. ચીનને પરેશાન જોઈ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈએ મદદ માટે પ્રસ્તાવ મૂક્યો અને પછી યોજનાબદ્ઘ રીતે ચીજો આગળ વધારવામાં આવી.*

*કહેવાય છેકે હાલના દિવસોમાં બાંગ્લાદેશના કટ્ટરપંથી સંગઠન જમાત-એ-ઈસ્લામી સાથે જોડાયેલા વિદ્યાર્થી સંગઠન ઈસ્લામી છાત્ર શિબિર (આઈસીએસ)ને પાકિસ્તાનમાં કામ કરી રહેલી કેટલીક ચીની કંપનીઓ તરફથી ફંડિંગ પણ આપવામાં આવ્યું હતું. આ પૈસાનો ઉપયોગ બાંગ્લાદેશ સરકાર વિરુદ્ઘ જનભાવનાઓ ભડકાવવા અને છાત્રોનું આંદોલન ઊભું કરવા કરવામાં આવ્યું હતું.*

*કહેવાય છે કે ચીન અને આઈએસઆઈની મિલીભગતથી એ નક્કી કરવામાં આવ્યું હતું કે બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારને ગબડાવવા માટે શું-શું કરવાનું છે. ઈસ્લામી છાત્ર શિબિર આઈએસઆઈના બહુ નજીકના મનાતા દેવબંદી આતંકી સમૂહ હરકત-ઉલ-જિહાદ-અલ-ઈસ્લામી (હુજી) સાથે કામ કરી રહ્યું હતું. એમ પણ કહેવાય છે કે ભારતીય ગુપ્તચર એજન્સીઓ લાંબા સમયથી ઈસ્લામી છાત્ર શિબિરની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી, કારણ કે તેમને ખબર પડી હતી કે ભારત વિરોધી એજન્ડા આગળ વધારવાની રણનીતિ બનાવવામાં આવી રહી છે. ઈસ્લામી છાત્ર શિબિરના કેટલાક સદસ્યોને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પ્રશિક્ષણ અપાયું હોવાનું પણ ચર્ચાય છે. આ સંબંધે કેટલાક વીડિયો પણ હાલના દિવસોમાં ગુપ્તચર એજન્સીઓ અને સુરક્ષા એજન્સીઓના હાથમાં આવ્યા હતા. આ બધાનો એકમાત્ર ઉદ્દેશ્ય એ જ છે કે બાંગ્લાદેશમાં પણ અફઘાનિસ્તાનના તાલિબાન જેવી સરકાર બનાવી સકાય. આ સંબંધે આઈએસઆઈએ સંપૂર્ણ મદદ અને સમર્થનનો ભરોસો પણ ઈસ્લામી છાત્ર શિબિરને આપ્યો હતો. આ તમામ સમૂહો ઈચ્છતા હતા કે દિવસે દિવસે જે રીતે ભારત અને બાંગ્લાદેશના સંબંધો ગાઢ થતા જાય છે તેને નુક્સાન પહોંચાડી શકાય. ચીન પણ જોઈ રહ્યું હતું કે જે રીતે બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીના વિભિન્ન મુદ્દે ચીનને પ્રાથમિકતા આપવાને બદલે ભારત સાથે ઊભાં થઈ જાય છે એ સ્થિતિથી ત્યારે જ છૂટકારો મળી શકશે જ્યારે બાંગ્લાદેશમાં પાકિસ્તાન સમર્થિત સરકાર બને.*

### હાઈવે પર થતા અકસ્માતોના આંકડા ચોંકાવનારા : હાઈકોર્ટ

# માત્ર ચલણ કાપવાથી કાયદાની યોગ્ય અમલવારી નહીં થઈ શકે

## ટુ વ્હીલર ચાલક અને પાછળ બેસનાર પિલિયન રાઈડર માટે પણ હેલ્મેટ ફરજિયાત બનાવવામાં આવે : હાઈકોર્ટ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, નેશનલ હાઈવે ઓથોરિટી અને પોલીસને મહત્વનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે, ૧૫ દિવસમાં એસજી હાઈવે પર જરૂરી સર્વિસ રોડ બનાવવામાં આવે. રોંગ સાઈડ ડ્રાઈવિંગ કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવે. હેલ્મેટના નિયમોનું ચુસ્ત પાલન ફરજિયાત પણે કરાવવામાં આવે. ટુ વ્હીલર ચાલક અને પાછળ બેસનાર પિલિયન રાઈડર માટે પણ હેલ્મેટ ફરજિયાત બનાવવામાં આવે.

ટ્રાફિકની સમસ્યાના સમાધાન માટે પોલીસમાં ભરતી પ્રક્રિયા કરવા હાઈકોર્ટે ટકોર કરી હતી. કોર્ટે કહ્યું, સીસીટીવી કેમેરાની મદદથી માત્ર ચલણ કાપવાથી કાયદાની યોગ્ય અમલવારી નહીં થઈ શકે. અધિકારીઓ મનસ્વી રીતે વર્તશેએ પણ ચલાવી નહીં લેવાય. નાગરિકોને એમની જવાબદારીનું ભાન કરાવવું એ સરકારનું કામ છે.

નેશનલ હાઈવેથી શહેરને મળતા રસ્તાઓ ઉપરના ટ્રાફિક નિયમન બાબતે પણ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેમ કહી કોર્ટે જણાવ્યું, હાઈવે પર થતા અકસ્માતોના આંકડા ચોંકાવનારા છે. રોડનું પ્લાનિંગ અને ટ્રાફિક નિયમન બાબતે વૈજ્ઞાનિક અભિગમ વિના કામગીરી ના થવી જોઈએ.

અમદાવાદ પોલીસ દ્વારા ૨૨ જૂનથી ૩૦ જૂન એમ ૧૦ દિવસ સુધી સ્પે. ટ્રાફિક ડ્રાઈવ કરવામાં આવી હતી. શહેરમાં દિવસે દિવસે વધી રહેલ માર્ગ અકસ્માતને રોકવા પોલીસ દ્વારા આ સ્પે. ડ્રાઈવ યોજવામાં આવી હતી. જે અંતર્ગત શહેરના તમામ માર્ગો પર પોલીસ ચેકિંગ હાથ ધર્યું હતું અને રોંગ સાઈડમાંથી આવતા વાહન ચાલકોને પકડ્યા હતા.

પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ બેફામ રીતે રોંગ સાઈડમાં ઘુસી જતા વાહનોના કારણે પ્રતિદિન અનેક અકસ્માતો થતા હોય છે. રોજ ૧૫ થી વધુ અકસ્માત આ રોંગ સાઈડમાં આવતા વાહનચાલકોના કારણે થતા હોય છે. જેના કારણે આ સ્પે ટ્રાફિક ડ્રાઈવનો નિર્ણય કરાયો હતો. **NCRB**ના ડેટા મુજબ શહેરમાં વર્ષ ૨૦૨૨માં ૧૦૬ હાઈવે પર થયેલા માર્ગ અકસ્માતની ઘટનામાં કૂલ ૬૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

ભારતમાં શીખ સમુદાયના લોકોને હેલ્મેટ વિના વાહન ચલાવવાની છૂટ છે. આનું કારણ એ છે કે શીખ સમુદાયના લોકો ચોક્કસપણે તેમના માથા પર પાઘડી પહેરે છે. ઘણાં લેયર સાથે બંધાયેલી પાઘડી ઉપર હેલ્મેટ ફીટ નથી બેસતું.

આ કારણે તે હેલ્મેટ નથી પહેરી શકતાં. તેના સિવાય લોકો હેલ્મેટ પહેરીને ટૂવ્હીલર ચલાવવાનો નિયમ તેમની સુરક્ષા માટે બનાવવામાં આવ્યો હતો. હેલ્મેટ માથાને ગંભીર ઈજાથી બચાવવાનું કામ કરે છે. શીખ સમાજના લોકોનું આ કામ તેની પાઘડીથી થઈ શકે છે.

# વિદેશની ઘેલછામાં સુરતના ચાર લોકો છેતરાયા

## વિઝા આપવાના નામે ચાર શખ્સો પાસેથી રૂપિયા દસ લાખ પડાવી લીધા હતા અને બાદમાં ગાયબ થઈ ગયા

સુરત

સુરત છેલ્લા કેટલાય સમયથી વિદેશમાં જવાની ઘેલછા લોકોમાં વધી ગઈ છે અને આ ઘેલછાને કારણે કેટલાય એવા કિસ્સાઓ જોવા મળ્યા છે. જેમાં ઠગ બાજો દ્વારા લાખો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે ત્યારે આવો જ એક કિસ્સો સુરતના કતારગામ વિસ્તારમાં સામે આવ્યો હતો. જેમાં ઠગ બાજો દ્વારા અમેરિકામાં વિઝા આપવાના નામે ચાર શખ્સો પાસેથી રૂપિયા દસ લાખ પડાવી લીધા હતા અને બાદમાં ગાયબ થઈ ગયો હતો. આ સમગ્ર બનાવને લઈને કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદના આધારે પોલીસે આરોપી કાર્તિક પારેખને ધરપકડ કરી તેને જેલ ભેગો કર્યો હતો. કતારગામ ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા અને મસાલા મેન્યુફેક્ચરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા યશ પટેલ અને તેમની પત્ની ૨૨મી જુલાઈએ કતારગામ ઉમાં રેસિડનસીમાં રહેતા તેમના પરિચિત આશાબેન પાલડીયા ના ઘરે ગયા હતા. તેમને ત્યાં કાર્તિક પારેખને મળવાનંઝ હતું. કાર્તિક પોતે અમેરિકામાં રહેતો હોવાનું અને ત્યાં મોટલ, કસીનો અને બાર્બરશોપનો માલિક હોવાનું કહી રોફ મારી પ્રચાર કરી રહ્યો હતો. કાર્તિકે પોતાની પત્ની અમેરિકામાં મોલ ખોલવાની વાત કરી હતી અને ત્યાં નોકરીએ ભારતીયોને રાખી તેમને સરળતાથી સ્પોન્સર વિઝા આપવાની વાત કરી લોભામણી વાતો કરી હતી. કાર્તિકની લોભામણી વાતોમાં આશાબેન આવી ગયા હતા. આશાબેનનો પુત્ર નિરાંત ઉપરાંત યસ અને વિરાજ તથા યસ પોતે પત્નીને અમેરિકા મોકલવા તૈયાર થઈ ગયો હતો. બાદમાં કાર્તિકે આ તમામ લોકોને મેરીટ હોટલમાં રોકાણ કરાવી ત્યાં મિટિંગ રાખી પોતે અમેરિકાનો મોટો વેપારી હોવાની વાત અને વિશ્વાસ તેઓને અપાવ્યો હતો. બાદમાં આ તમામ લોકો પાસેથી ૨૩ લાખની મસમોટી રકમ પડાવી લીધી હતી. આ પ્રોસિજર વચ્ચે પોતે ગાંધીનગરમાં બંગલામાં વાસ્તુ રાખ્યુ હોવાનું જણાવી આમંત્રણ આપ્યું હતું. જોકે નાણાં મળી ગયા બાદ પિતાનું અવસાન થયાનું કહી આમંત્રણ કેન્સલ કરતા યસ અને બીજા લોકોને શંકા જતા ગાંધીનગરના સરનામે પહોંચતા આવું કોઈ મકાન ત્યાં નહીં હોવાનું જણાય આવ્યું હતું. પોતે ઠગના હાથે છેતરાયા હોવાની ગંધ તેમને આવી ગઈ હતી. તેઓએ કાર્તિકને મોબાઈલથી સંપર્ક પણ કર્યો હતો, પરંતુ તેનો મોબાઈલ સ્વીચ ઓફ આવ્યો હતો.

### ડીસાના વકીલે નાયબ કલેક્ટર પાસે પરવાનગી માગી

# પાલિકાના અધિકારીઓને ગધેડા ઉપર ફેરવવા મંજૂરી આપો

### ભ્રષ્ટાચારથી ખદબદતી પાલિકામાં કાર્યવાહી કરો

બનાસકાંઠા

ગાડીઓમાં ફરતા પાલિકાના અધિકારીઓને શહેરની વિવિધ સમસ્યાઓ નજરે પડતી નથી. આ સમસ્યાઓથી ઘેરાયેલા ડીસા શહેરના નાગરિકો પરેશાન છે. ત્યારે પાલિકાના અધિકારીઓને તે નજરે બતાવવા માટે તેમને ગધેડા ઉપર બેસાડીને ફેરવવા માટે ડીસાના એક ધારાશાસ્ત્રીએ નાયબ કલેક્ટર પાસે મંજૂરી માંગી છે. ડીસાના વકીલ ધર્મેન્દ્રભાઈ ફોફાણીએ ડીસાના નાયબ કલેક્ટર પાસે મંજૂરી માંગતો પત્ર પાઠવ્યો છે. જેમાં ડીસા નગરપાલિકાના ખાડે ગયેલા વહીવટ સામે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે શહેરની વિવિધ સમસ્યાઓ પાલિકાના અધિકારીઓને દેખાતી નથી, તેથી તેઓને ગધેડા ઉપર બેસાડી શહેરમાં પરિક્રમા કરાવવાની જરૂર છે અને તે માટે તેમને મંજૂરી માંગી છે.

નાયબ કલેક્ટર સમક્ષ કરેલી રજૂઆતમાં વકીલે જણાવ્યું છે કે, પાલિકામાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. હકીકતે બાંધકામની મંજૂરીમાં ખૂબ મોટાપાયે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આરોપ છે કે સંબંધિત અધિકારીઓ બાંધકામની મંજૂરી અટકાવી રાખે છે અને જ્યાં સુધી લાંચની રકમ ન મળે ત્યાં સુધી મંજૂરી આપવામાં આવતી નથી.

આ ઉપરાંત નાગરિકો દ્વારા ફરિયાદો ઊઠી છે કે, વિવિધ પ્રકારના ટેક્સ ઉઘરાવી રહેલી પાલિકા દ્વારા નાગરિકોને પૂરતી સુવિધાઓ આપવામાં આવતી નથી. જેના કારણે શહેરીજનો પરેશાન છે. મોટાભાગના અધિકારીઓ તેમની કાયદેસરની જવાબદારી પણ નિભાવતા નથી. ગેરકાયદેસર પ્રવૃતિઓ સામે માત્ર નોટિસ આપ્યા બાદ આગળ કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. કોન્ટ્રાક્ટરો દ્વારા કરાતા કામોમાં કમિશનનો મેળવી કામની ગુણવત્તા ને પણ નજર અંદાજ કરવામાં આવી રહી છે. નિયમ વિરુદ્ધ બાંધકામ કરનારને જે હેતુ માટે મંજૂરી આપી હોય તેના કરતાં અલગ હેતુ માટે ભ્રષ્ટાચાર કરી આકારણી કરીને ગેરકાયદેસર પ્રવૃતિને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. જયારે કાયદેસરની બાંધકામ માટેની પરમિશનો પાલિકા દ્વારા લટકાવી રાખીને વિલંબ કરવામાં આવી રહ્યો છે, અને તેમાં પણ મોટાપાયે ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે. જેને લઈને બંધકામ કરતા લોકો ભારે પરેશાન થઈ રહ્યા છે, અને પાલિકાના ધક્કા ખાઈને કંટાળી ગયા છે. આવી પરમિશન માગનાર લોકોને યોગ્ય પ્રત્યુત્તર પણ આપવામાં આવતો નથી. જેથી આવી બાંધકામ પરમિશનો સમયસર મળવી જોઈએ તેવી માંગ પણ ઊઠી છે. સાથે તેની પણ તપાસ કરવી જોઈએ કે, બાંધકામ પરમિશન આપવામાં શા માટે વિલંબ કરવામાં આવી રહ્યો છે.

તેઓએ રજૂઆતમાં જણાવ્યું છે કે, શહેર માં ગેરકાયદેસર બાંધકામોનો અત્યારે રાફડો ફાટયો છે, ગેરકાયદેસર માંસ – મટનની દુકાનો પાલિકાની મહેરબાનીથી ચાલી રહી છે, હાઈકોર્ટના આદેશની તેમાં પણ સતત અવગણના કરાઈ રહી છે.આ સિવાય કચરો ઉપાડવાના તેમજ રોડના વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે, જ્યારે કોચિંગ ક્લાસની તપાસના નામે માત્ર નાટકો જ કરવામાં આવી રહ્યા છે.આમ શહેરની પરિસ્થિતિ નર્ક જેવી બની ગઈ છે. જે પાલિકાના અધિકારીઓને નજરે પડતી નથી. જેથી આ તમામ સમસ્યાઓ તેમને બતાવવા માટે ગદર્ભ ઉપર બેસાડીને શહેરમાં ફેરવવા માટે મંજૂરી માંગી છે.

આમ વકીલ ધર્મેન્દ્રભાઈ ફોફાણીએ નાયબ કલેક્ટર પાસે આ પ્રકારની મંજૂરી માંગતા પાલિકાના અધિકારીઓ દ્વારા કરાતા વહીવટ સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ડીસાના જાણીતા વકીલ ધર્મેન્દ્રભાઈ ફોફાણી ડીસા શહેરની વિવિધ સમસ્યાઓને લઈને કોર્ટ, સરકાર તેમજ વહીવટી તંત્ર સહિત યોગ્ય સ્તરે પોઝિટિવ રજૂઆત કરી તેના નિકાલ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

## આયકર ટેક્સેશનની ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ સાથે મારામારી

અમદાવાદ

અમદાવાદ શહેરના ઇક્રમટેક્સ આશ્રમ રોડ ખાતે રાજકમલ બી કોમ્પ્લેક્સ માં આઈકર ટેક્સેશનની ઓફિસમાં તોડફોડ તથા મારામારીનો બનાવ સામે આવ્યો છે. જેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ત્યારે ઓફિસમાં કામ કરતા પ્રદીપ વાઘેલા અને રોહિત પરમાર શું કહેવું છે આ અંગે જાણીએ!!!

પ્રદીપ વાઘેલાએ જણાવ્યું કે બપોરે ૨.૧૫ વાગ્યાનાં સુમારે અભિષેક શાહ અને ભાવિન શાહ નામના શખ્સોએ આવી પહેલા કર્મચારી સાથે બોલાચાલી કરી અને ત્યારબાદ એમના ૫ થી ૬ માણસોને બોલાવી ઓફિસમાં કામ રોહિત પરમાર અને મને બંધક બનાવી જાતિ સૂચક ગાળો બોલી ફોન ઝુંટવી માર માર્યો છે. અને ૨ કલાક સુધી બંધક બનાવી રાખ્યા હતાં અને ઓફિસમાં રહેલા કોમ્પ્યુટર અને સમાની ન તોડ ફોડ કરી હતી. રોહિત પરમાર સાથે વાત કરતા જાણવા મળ્યું કે બનાવ બનતાં કોમ્પલેક્ષનાં રહીશો આજુ બાજુનાં પાડોશીઓ મામલાને શાંત પાડવા માટે પહોંચ્યા હતા અને હુમલો કરનાર અભિષેક શાહ અને ભાવિન શાહને તોડફોડ ન કરવા સમજાવટ કરી હોવા છતાં તેમણે હુમલો કરવાનું ચાલુ રાખ્યું હતું. કર્મચારીઓએ માંગણી કરતા કહ્યું હતું કે અભિષેક શાહ, ભાવિન શાહ એમના સાગરીતો સાગર, મુકેશ, વિશાલ વિરૂદ્ધ કર્મચારીઓને દલિત એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવે ત્યારે એચડી ન્યૂઝની ટીમનો સામે પક્ષે સંપર્ક કરતા સંપર્ક થઈ શક્યો ન હતો. જોકે આ મામલો નવરંગપુરા પોલીસ સ્ટેશનને પહોંચતા યોગ્ય તપાસ બાદ કાયદેસરની કાર્યવાહી કરાશે તેવું પોલીસ કર્મચારીઓએ જણાવ્યું હતું.

## મુંબઈના ભિવંડીથી ગુજરાત ATSએ ૮૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું

અમદાવાદ

ગુજરાત એટીએસને મોટી સફળતા હાથ લાગી છે. મુંબઈના ભિવંડીમાંથી ૨ ભાઈઓની ૮૦૦ કરોડના લિક્વિડ એમડી ડ્રગ સાથે ધરપકડ કરવામાં આવી છે. મહત્વનું છે કે, ગત મહિનામાં સુરતથી ૫૧ કરોડના ડ્રગ સાથે પકડાયેલ આરોપીઓની તપાસમાં મુંબઈના ભિવંડીની માહિતી એટીએસને મળી હતી. હાલ એટીએસ વધુ કાર્યવાહી શરૂ કરી છે.એટીએસની ગિરફતમાં આવેલા આ બન્ને ભાઈઓનું નામ છે મોહમ્મદ યુનુસ અને મોહમ્મદ આદિલ. આ કેસમાં ત્રીજો ભાઈ સાદિક હાલ ફરાર છે. એટીએસને માહિતી મળી હતી કે ભિવંડીના ચીંચબંદર વિસ્તારમાં આ બન્ને ભાઈઓ એમડી ડ્રગ બનાવે છે. માહિતીના આધારે દરોડા પાડીને ત્યાંથી ૧૦.૯૬૯ કિલો સેમી-લિક્વિડ એમડી અને ૭૮૨ કિલો બેરલોમાં ભરેલ લિક્વિડ એમડી કબ્જે કરવામાં આવેલ છે. મળતી માહિતી પ્રમાણે, આની અંદાજિત કિંમત ૮૦૦ કરોડ થાય છે.

હાલ એટીએસ ફરાર આરોપીને પકડવા કાર્યવાહી શરૂ કરી છે ત્યારે આ લોકો આ ડ્રગ કોને આપવાના હતા અને તેમની સાથે બીજા કોણ સામેલ છે તે તમામ દિશાઓમાં તપાસ કરી રહી છે. ત્યારે દુબઈમાં રહેલો વ્યક્તિ કોણ છે તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

### બંને ઉદ્યોગો પુનરુત્થાનના તબક્કામાં છે

# બાંગ્લાદેશમાં અશાંતિના કારણે ગુજરાતની કાપડ અને કેમિકલની નિકાસમા અવરોધ

અમદાવાદ


બાંગ્લાદેશનો કાપડ ઉદ્યોગ, જે નિકાસ પર ભારે નિર્ભર છે, તે પહેલાથી જ અસરગ્રસ્ત છે. ગુજરાતના કોટન યાર્નની લગભગ ૬૦% નિકાસ બાંગ્લાદેશમાં થાય છે, અને સાવચેતીના ભાગરૂપે નવા શિપમેન્ટને અટકાવવામાં આવ્યું છે. લગભગ ૧૦૦ કન્ટેનર, દરેકનું વજન ૨૦ ટન છે, નિકાસ ક્યારે ફરી શરૂ થઈ શકે તેની સ્પષ્ટતાની રાહ જોઈને ગુજરાતના બંદરો પર ફસાયેલા છે.

"બાંગ્લાદેશ ગુજરાત સ્થિત સ્પિનિંગ ઉદ્યોગ માટે લગભગ ૬૦% હિસ્સા સાથે સૌથી મોટું નિકાસ બજાર છે. આ ઉદ્યોગ પર નોંધપાત્ર અસર પડશે. હાલમાં નિકાસ બંધ છે. અમે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ," GCCI ટેક્સટાઇલ ટાસ્કફોર્સના સહ-અધ્યક્ષ રાહુલ શાહે જણાવ્યું હતું.

કેમિકલ ઉદ્યોગ પણ પડકારોનો સામનો કરી રહ્યો છે. "ગુજરાતના ડાઈસ્ટફ ઉત્પાદકો દર મહિને લગભગ ૩,૫૦૦ થી ૪,૦૦૦ ટન રંગો, મુખ્યત્વે પ્રતિક્રિયાશીલ રંગો, બાંગ્લાદેશને સપ્લાય કરે છે, જે રાજ્યની ડાઈ નિકાસના લગભગ ૧૫% છે," ગુજરાત ડાઈસ્ટફ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ના વાઇસ પ્રેસિડેન્ટ નિલેશ દામાણીએ જણાવ્યું હતું. ) "અમે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા અને સંભવિત નુકસાનને ઘટાડવા માટે નિકાસકારોની તાત્કાલિક બેઠક યોજવા જઈ રહ્યા છીએ." અમદાવાદથી બાંગ્લાદેશમાં લગભગ ૧૫૦ કંપનીઓ પ્રતિક્રિયાશીલ રંગોની મહત્વપૂર્ણ નિકાસકારો છે.

બંને ઉદ્યોગો કટોકટીના ઝડપી નિરાકરણ અને સામાન્ય વેપાર સંબંધોમાં પાછા ફરવાની આશા રાખે છે. નિકાસ બજારો અને વૈકલ્પિક પુરવઠા શૃંખલાઓને વૈવિધ્યીકરણ સહિત તેમના વ્યવસાયો પરની અસરને ઘટાડવા માટે ઉદ્યોગના નેતાઓ આકસ્મિક યોજનાઓ પર વિચાર કરે તેવી અપેક્ષા છે.

## સુરતમાં એક કિરાણા સ્ટોરમાંથી અફીણનો જથ્થો કબજે કરવામાં આવ્યો



સુરત

સુરતમાં એક કિરાણા સ્ટોરમાંથી અફીણનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે. સુરત ગ્રામ્ય એસઓજી પોલીસે માહિતીને આધારે આ કાર્યવાહી કરી હતી. જેમાં કદોડરામાં આવેલા ભવાની કિરામા સ્ટોરમાં નશીલા પદાર્થનો જથ્થો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. જેને આધારે પોલીસે ભવાની કિરાણા સ્ટોર પર દરોડો પાડ્યો હતો.

જેમાં અહીંથી ૫ કિલોગ્રામથી વધુનો અફીણનો જથ્થો મળી આવ્યો હતો.ઝડપથી પૈસા કમાવા માટે ૨૪ વર્ષનો એક વિદ્યાર્થી આ અફીણ વેચતો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. એસઓજીએ ગટનાસ્થળેથી જ અફીણ વેચતા આ વિદ્યાર્થીને ઝડપી લીધો હતો. પોલીસે કુલ ૨૬ લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે આ કેસમાં બુધારામ નામના શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે. બુધારામ અફીણનો જથ્થો પુરો પાડતો હોવાનું તપાસમાં ખુલ્યું છે.

### પાંચ દિવસના મેળામાં દસ લાખથી પણ વધુ લોકો તેનો લ્હાવો લેવા આવે છે

# રાજકોટના લોકમેળામાં આ વખતે રાઈડ્સ જોવા નહીં મળે

## આ વખતે TRP ઝોનના અગ્નિકાંડની અસર જોવા મળી રહી છે. તેના લીધે લોકમેળાનું મુખ્ય આકર્ષણ એવી રાઈડ્સ જ નહીં હોય



રાજકોટ

રાજકોટનો લોકમેળો સમગ્ર સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો છે, પાંચ દિવસના આ મેળામાં અંદાજે ૧૦ લાખ લોકો તેનો લ્હાવો લેવા માટે પહોંચતા હોય છે. રાજકોટના લોકમેળાનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર અહીની રાઈડ્સ હોય છે પરંતુ આ વખતે રાજકોટના લોકમેળાનું મુખ્ય આકર્ષણ જ જોવા નહીં મળે એવું બની શકે છે.તેની પાછળનું કારણ એ છે કે TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ કલેકટરે જન્માષ્ટમીના મેળામાં તકેદારી રાખી રહ્યા છે. યાંત્રિક રાઈડ્સધારકો અને જિલ્લા કલેક્ટર વચ્ચે SOP માં બદલાવ કરવાને લઈ બેઠક થઈ હતી, જે સંપૂર્ણ નિષ્ફળ રહી હતી. રાજકોટના લોકમેળામાં યાંત્રિક રાઈડ્સ ધારકો કલેક્ટરની SOP થી નારાજ છે.રાજકોટના લોકમેળા માટે આજે યાંત્રિક રાઈડ્સ ધારકોએ કલેક્ટર સાથે બેઠક કરી હતી. જેમાં કલેક્ટરે જાહેર કરેલી SOP ને લઈ ચર્ચા થઈ હતી. યાંત્રિક રાઈડ્સ ધારકોએ આ SOP માં ફેરફાર કરવા માટે રજૂઆત કરી એટલું જ નહીં તેમણે એવું પણ કહ્યું કે, જો SOPમાં ફેરફાર નહિ થાય તો પ્લોટની હરરાજીમાં ભાગ લેશે નહિ અને મેળામાં યાંત્રિક રાઈડ્સ જોવા મળશે નહીં.જિલ્લા કલેક્ટર દ્વારા રાઈડ્સની ફિઝિબિલિટી, રાઈડ્સનું સ્ટ્રકચર,જમીનની ગુણવત્તા સહિતના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. SOP પ્રમાણે આ વખતે લોકમેળામાં સ્ટોલ અને રાઈડ્સમાં ૩૦ ટકાનો ઘટાડો કરાવામાં આવશે. સાથે SOP માં અમુક પ્રકારના રાઈડ્સની ગુણવતાને લઈને ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યા છે, જેની કિંમત અંદાજે ૧-૨ લાખ આસપાસ છે. જેને કારણે યાંત્રિક રાઈડ્સ ધારકોએ SOP માં બદલાવ માટેની માંગણી કરી હતી. લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી ૫ કરોડનો વીમો વધારી ૭.૫૦ કરોડ કરાયો છે.રાઈડ્સના સંચાલકોએ મેળાના નિયમો હળવા કરવાની કલેક્ટર સમક્ષ માગ કરી હતી. જો કે અગ્નિકાંડ બાદ તંત્ર કોઈપણ છૂટ આપવા માટે તૈયાર નથી. હાલ મેળાની યાંત્રિક રાઈડ્સને લઈને મામલો ગૂંચવાયેલો છે. રાઈડ્સ ધારકોએ જણાવ્યુ કે, મેળાને લઈને જે નિયમો બનાવાયા છે તેમા કેટલાક નિયમો એવા છે જે કાયમી રાઈડ્સ રાખવાની હોય તો તેના માટે જરૂરી હોય છે પરંતુ હંગામી રાઈડ્સ માટે આ નિયમો વધુ પડતા છે.આ SOPમાં કેટલાક એવા નિયમો છે જેમા જમીનનું સ્ટ્રક્ચર ક્યા પ્રકારનું તેનો રિપોર્ટ રજૂ કરવો. આ ઉપરાંત રાઈડ્સનો એક પ્રકારનો એક્સરે એટલે કે રાઈડ્સની ફિઝિબિલિટીની ચકાસણી કરતો એક રિપોર્ટ રજૂ કરવો. જેની સામે સંચાલકોની રજૂઆત છે કે જે રિપોર્ટ માગવામાં આવ્યા છે, તે ઘણા ખર્ચાળ છે અને માત્ર ચાર દિવસના મેળા માટે પરવળે તેમ નથી, આથી નિયમોમાં બાંધછોડ કરવાનું રાઈડ્સ સંચાલકોએ સ્પષ્ટ રીતે કલેક્ટરને જણાવ્યુ હતુ. જોકે, સામે તંત્ર પણ તકેદારીમાં કોઈ બાંધછોડ કરવાના મૂડમાં નથી. જો આ જ સ્થિતિ રહી તો બની શકે કે રાજકોટના લોકમેળામાં આ વખતે રાઈડ્સ જોવા ન મળે.

### હની ટ્રેપનો કેસ સામે આવ્યો

# મહેસાણામાં રાજસ્થાનના યુવકને હની ટ્રેપમાં ફસાવી ૧.૦૫ લાખ પડાવી લેવાયા

## ખોટા કેસમાં ફસાવવાની અને બદનામ કરવાની ધમકી આપતાં યુવક ત્યાંથી નીકળી ગયો હતો

મહેસાણા

રાજસ્થાનના યુવકને મહેસાણાના રાધનપુર રોડ પરના એક મકાનમાં લઈ જઈ હનીટ્રેપમાં ફસાવી ઓનલાઈન રૂ.૧,૦૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હોવાની ફરિયાદ મહેસાણાના ચાર જણા સામે બી ડિવિઝન પોલીસ મથકે નોંધાવાઈ છે. રાજસ્થાનના અજમેરના વતની અને સુરેન્દ્રનગરના દસાડા તાલુકાના નવીયાણી ખાતે પરિવાર સાથે રહી સેનટેક્ષ એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટમાં નોકરી કરતા દેવેન્દ્રકુમાર શ્રીચંદ્રકાન્ત રાજપૂતે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગત ૨૮ જુલાઈએ વતન અજમેર જતી વખતે બેચરાજીની હાંસલપુર ચોકડીએ ઊભા હતા, તે વખતે એક મહિલાએ તેમની પાસે આવી કામ કરવું છે? મારી પાસે એક છોકરી છે તેમ જણાવી તેનો મોબાઈલ નંબર આપ્યો હતો અને અજમેરથી પરત આવો ત્યારે ફોન કરજો તેમ કહ્યું હતું. ૧ ઓગસ્ટે ફોન કરીને રમીલાબેન તરીકેની ઓળખ આપી મહિલાએ તમે ક્યારે આવો છો? તેમ પૂછતાં દેવેન્દ્રકુમારે ૫ ઓગસ્ટે મહેસાણા આવવાના હોવાનું જણાવ્યું હતું. તેઓ રસ્તામાં હતા ત્યારે પણ ફોન કરીને સવારે પાંચેક વાગ્યે તેઓ મહેસાણા રેલવે સ્ટેશને ઉતર્યા ત્યારે રમીલાબેન તેમને રિક્ષામાં બેસાડી મહેસાણા રાજધાની ટાઉનશીપ અને કલાપીનગર વચ્ચે એક મકાનમાં લઈ ગયાં હતાં.જે મકાનમાં થોડીવાર બાદ એક છોકરી આવી હતી અને તેણે પોતાનાં કપડાં કાઢી નાખ્યા બાદ યુવકનાં કપડાં કાઢવાનું શરૂ કર્યું હતું.

દરમિયાન એક પુરુષે ત્યાં આવીને મોબાઈલમાં તેમનો વીડિયો ઉતારી યુવકનાં કપડાં લઈ લીધાં હતાં તેમજ યુવકને મારવાનું નાટક કરવા લાગ્યો હતો. યુવકને બેસાડી દઈ ત્યાંથી જવા દીધો નહોતો અને છોકરીના પતિને ફોન કરીને બોલાવું છું તેમ કહીં ફોન કરીને તારી પત્ની કિંજલ એક છોકરા સાથે પકડી છે, તું આવી જા તેમ કહી બોલાવતાં થોડીવારમાં વિમલ આવીને યુવકને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. જેથી યુવકે જે લેવું હોય તે લઈ લેવાનું કહેતાં આ શખ્સોએ તેનો મોબાઈલ લઈને બેંક બેલેન્સ ચેક કર્યું હતું.

ખાતામાં રૂ.૫૬ હજાર હોવાથી તેમણે રૂ.૫ લાખની માગણી કરીને વીડિયોના આધારે બળાત્કારના કેસમાં ફસાવવાની અને બદનામ કરવાની ધમકી આપી હતી. જેથી યુવકે રૂ.૫૦,૦૦૦ અને રૂ.૫૦૦૦ વિક્રમભાઈ પટેલના ખાતામાં ફોનપે ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ બંને જણાએ રૂ.૧.૦૫ લાખ આપવા પડશે તેમ કહેતાં યુવકે તેના મિત્રને ફોન કરીને રૂ.૫૫,૦૦૦ વિક્રમભાઈ પટેલના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યાર બાદ આ શખ્સોએ યુવકનાં કપડાં પરત આપી આ વાતની જાણ પોલીસને કે અન્ય કોઈને કરશે તો ખોટા કેસમાં ફસાવવાની અને બદનામ કરવાની ધમકી આપતાં યુવક ત્યાંથી નીકળી ગયો હતો. આ ચાર જણાએ અન્ય લોકોને પણ આ રીતે ફસાવી પૈસા પડાવ્યા હોવાનું તેમજ મિત્રએ ફરિયાદ કરવાનું કહેતાં દેવેન્દ્રકુમારે ચારેય વિરુદ્ધ મહેસાણા બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી

### ટેલિકોમ ક્ષેત્રમાં BSNLએ વાપસી કરી

# BSNL સિમકાર્ડ વેચાણમાં વધારો, સમગ્ર ગુજરાતમાં લાખો ગ્રાહકો જોડાયા

## ફક્ત સુરતમાં BSNLસાથે છેલ્લા ૧ માસમાં ૭૦ હજાર ગ્રાહકો જોડાયા




સુરત

સુરતમાં BSNL સિમકાર્ડના વેચાણમાં જબરજસ્ત વધારો નોંધાયો છે. ટેલિકોમ ક્ષેત્રમાં BSNLએ વાપસી કરી છે. ફકત સુરતમાં BSNLસાથે છેલ્લા ૧ માસમાં ૭૦ હજાર ગ્રાહકો જોડાયા. શહેરમાં હજારોની સંખ્યામાં ગ્રાહકો છે તો પછી સમગ્ર ગુજરાતમાં આ આંકડો લાખ ઉપર પંહોચ્યો છે. સમગ્ર દ. ગુજરાતમાં ૧.૫૦ લાખ ગ્રાહકો BSNL સાથે જોડાયા. BSNL સીમ ખરીદવા મુખ્ય ઓફિસ પર ઘસારો થયો. રીલાયન્સ જીઓ, એરટેલ અને વોડાફોન જેવી ટેલિકોમ કંપનીઓએ કાર્ડ પરના પ્લાનમાં તોતિંગ વધારો કરતા ગ્રાહકો ફરી પાછા BSNL પર પાછા ફર્યા. BSNL સિમકાર્ડ લેવા ગ્રાહકો પડાપડી કરી રહ્યા છે. મોટી કંપનીઓના ટેરિફ પ્લાનની કિમંત વધુ પડતી ઊંચી છે જેના કારણે લોકો BSNL પર ડાયવર્ટ થઈ રહ્યા છે. આજના મોંઘવારીના સમયમાં ગ્રાહકો જે પ્લાન સસ્તો હોય તેને વધુ પસંદ કરે છે. જુલાઈ મહિનાના શરૂઆતના પંદર દિવસમાં જ ૪,૬૬૬ જેટલા BSNLના સિમકાર્ડનું વેચાણ થયું. BSNLના અધિકારીના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં સમગ્ર ગુજરાતમાં કુલ ૧.૭૦ લાખ જેટલા BSNLના સિમકાર્ડનું વેચાણ થયું છે. અને સૌથી વધુ સુરતમાં જુલાઈના ૧૫ દિવસમાં ૧૫ હજાર કાર્ડ અને અમદાવાદમાં ૧૧ હજાર BSNLના સિમકાર્ડનું વેચાણ થયું.

મોબાઈલ શોપના માલિકે કહ્યું કે દિગ્ગજ કંપનીઓએ ટેરિફ પ્લાન વધારતા હવે લોકો BSNL તરફ ડાયવર્ટ થયા છે. મોટાભાગના ગ્રાહકો BSNLનું સિમકાર્ડ જ માંગે છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL